
**પ્રકરણ : ૨**


# સંસારનું સ્વરૂપ : દુઃખરૂપ



**પ્રકરણની રૂપરેખા**

- ૦ પ્રાસ્તાવિક
- **૧. સંસાર એટલે શું ?**
- **૨. સંસારનું સ્વરૂપ**
  - ૧. સંસાર અસ્થિર છે અને તેથી તે દુઃખરૂપ છે.
  - ૨. સંસાર અનિત્ય છે અને તેથી તે દુઃખરૂપ છે.
  - ૩. સંસાર અશરણ છે અને તેથી તે દુઃખરૂપ છે.
- ૦ ઉપસંહાર

चहुँगति दुःख जीव भरै है, परिवर्तन पंच करै है;
सबविधि संसार असारा, यामें सुख नाहीं लगारा।




**ભાવાર્થ : સંસારની ચારે ગતિના સંસારી જીવો અનેક પ્રકારના દુઃખ ભોગવતા પાંચ પ્રકારે પરિભ્રમણ કરે છે. સંસારમાં લેશમાત્ર સુખ નથી, તેથી તે સર્વ પ્રકારે સાર વગરનો છે.** (છહ્ઢાળા : ઢાળ ૫, ગાથા ૫)

મનુષ્ય, દેવ, તિર્યંચ અને નરક એ ચાર ગતિરૂપ સંસારમાં રખડતો સંસારી જીવ અનેક પ્રકારના દુઃખો ભોગવે છે. સંસારનું સમગ્ર સ્વરૂપ દુઃખરૂપ જ છે અને સંસારની ચારેય ગતિ દુઃખ ભોગવવાનું જ સ્થાન છે અને તેમાં કયાંય સુખ નથી. એવું નથી કે નરકગતિ દુઃખ ભોગવવાનું સ્થાન છે અને દેવગતિ સુખ ભોગવવાનું સ્થાન છે. સંસારની ચારેય ગતિ કોઈપણ પ્રકારના અપવાદ વગર દુઃખ ભોગવવાનું જ સ્થાન છે. સમગ્ર સંસાર દુઃખનો જ 'દાવાનળ છે. તેમાં કાંઈ પણ સાર નથી. સમ્યગ્દર્શન દ્વારા સંસારમાર્ગમાંથી બહાર નીકળી મોક્ષમાર્ગમાં પ્રવેશવાનો ઉપાય મનુષ્યજીવનમાં સંભવે છે. પણ તે માટે સંસારમાં કયાંય સુખ નથી અને મોક્ષમાં જ સુખ છે તે નક્કી થવું નિતાંત જરૂરી છે. અહીં આપણે સંસાર અને તેના સ્વરૂપ વિષે ચર્ચા કરીએ છીએ, તે પણ સંસારને દુઃખરૂપ જ દર્શાવે છે.

## સંસાર એટલે શું ?

संसरणं संसारः परिवर्तनम् इति अर्थ

ભાવાર્થઃ પોતાના શુદ્ધ સ્વરૂપમાંથી સંસરણ પામવું તે સંસાર છે. તેથી સંસારનો અર્થ પરિવર્તન પણ છે. (સર્વાર્થસિદ્ધિ : અ.૨, સૂત્ર ૧૦, કારિકા ૨૭૫, પાનુ ૧૧૯)

सं= સારી રીતે, सरण= સરી જવું. પોતાના શુદ્ધ સ્વભાવમાંથી સંસરણ પામવું એટલે કે સારી રીતે સરકી જવું, ખસી જવું, છૂટી જવું તેને સંસાર કહે છે. પોતાના સ્વરૂપમાંથી ખસી જઈ પરનું વલણ ધરાવતી કે પરમાં જોડાતી પોતાની પર્યાય અશુદ્ધ હોય છે. પોતાની આ અશુદ્ધ પર્યાય જ પોતાનો સંસાર છે. કોઈપણ બાબત દ્રવ્ય, ગુણ કે પર્યાય સ્વરૂપે હોય છે. નિશ્ચયથી સંસાર એ આત્માની અશુદ્ધ પર્યાય સ્વરૂપે છે, તોપણ સંસાર એટલે કે આત્માની અશુદ્ધ અવસ્થામાં પૌદ્ગલિક કર્મનો ઉદય અંતરંગ નિમિત્ત તરીકે અને સ્ત્રી-પુત્ર-પરિવાર વગેરે બહિરંગ નિમિત્ત તરીકે હોય છે. તેથી પૌદ્ગલિક કર્મના ઉદયને કે સ્ત્રી-પુત્ર-પરિવારને પણ વ્યવહારથી સંસાર કહે છે. વાસ્તવમાં કર્મનો ઉદય કે સ્ત્રી-પુત્ર-પરિવાર જેવા સંયોગી પદાર્થો પોતાનો સંસાર નથી પણ તેમના નિમિત્તે પોતાના સ્વભાવમાંથી સરકી ગયેલી પોતાની જ અશુદ્ધ પર્યાય પોતાનો સંસાર છે.

આત્માની સંસાર અવસ્થા એ આત્માની દશા, હાલત કે પર્યાય છે અને આ પર્યાય અશુદ્ધ, વિકારી કે વિકૃત હોવાને કારણે તે આત્માને પ્રતિકૂળ છે અને તેથી દુઃખરૂપ છે. તેથી સંસાર અવસ્થા એ આત્માની દુઃખરૂપ અવસ્થા છે.

સંસારનો બીજો અર્થ પરિવર્તન કે પરિભ્રમણ પણ છે. પોતાની કોઈ પણ પર્યાય પોતાના આત્મામાંથી જ ઉત્પન્ન થતી શુદ્ધ કે અશુદ્ધ અવસ્થારૂપે હોય છે. જો આ પર્યાય પોતાના શુદ્ધ સ્વભાવમાં જ સ્થિત રહે તો તે પોતાના શુદ્ધ સ્વભાવ જેવી શુદ્ધ હોય છે અને સ્વભાવના આશ્રયે સ્થિર હોય છે. આવી પર્યાય મોક્ષમાર્ગ અને મોક્ષની હોય છે. પણ જો આ પર્યાય પોતાના શુદ્ધ સ્વભાવમાં સ્થિત ન રહે અને શુદ્ધ

સ્વભાવમાંથી બહાર નીકળી પરમાં સ્થિત રહેવાનો પ્રયત્ન કરે તો તે પર સાથેના સંબંધના કારણે અશુદ્ધ હોય છે અને પરના આશ્રયે અસ્થિર હોય છે. આવી પર્યાય બંધમાર્ગ અને બંધની હોય છે. જેને સંસાર કહે છે. પોતાના શુદ્ધ સ્વભાવમાંથી સરકી ગયેલી સંસાર પર્યાય સતત પરિવર્તન પામે છે. જેને કારણે સંસારી જીવ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પાંચ પ્રકારના પરિવર્તન કે પરિભ્રમણ નિરંતર કરતો રહે છે. તેનું આ પરિભ્રમણ ચાર ગતિ કે જન્મ-મરણરૂપ પણ હોય છે. પરિવર્તનરૂપ સંસાર અવસ્થા અશુદ્ધ અને અસ્થિર છે અને તેથી પણ તે દુઃખરૂપ છે.

## સંસારનું સ્વરૂપ : દુઃખરૂપ

भववनमें जी भर घूम चूका, कण कण को जी भर भर देखा,
मृगसम मृगतृष्णा के पीछे, मुझको न मिली सुख की रेखा।
संसार महा दुःखसागर के, प्रभु दुःखमय सुख-आभासोंमें
मुझको न मिला सुख क्षणभर भी, कंचन कामिनि प्रासादोंमें ।।

**ભાવાર્થ :** અનાદિકાળથી સંસારરૂપી વનમાં રખડતાં રઝળતાં તેના કણેકણને મેં જાણ્યો છે, માણ્યો છે. પણ જેમ હરણને ઝાંઝવાના જળમાંથી જરાય પણ પાણીની પ્રાપ્તિ થતી નથી તેમ મને પણ આ સંસારમાંથી ક્યાંય પણ સુખનો એક અંશ પણ મળતો નથી. સંસારમાં સુખરૂપ કહેવાતા મોટા મહેલો, સુંદર સ્ત્રીઓ, અને ધન-સંપત્તિમાંથી મને એક ક્ષણને માટે પણ બિલકુલ સુખ મળ્યું નથી. સંસારમાં સુખનો આભાસ ઉત્પન્ન કરતા વિષયો ખરેખર દુઃખમય છે. તેથી સંસાર એ દુઃખનો જ મોટો દરિયો છે.



(યુગલકિશોરકૃત દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજાની જયમાલા)

આ સંસારમાં ક્યાંય પણ સુખ નથી. સંસાર અને દુઃખ અવિનાભાવી છે. તેથી સંસાર હોય ત્યાં દુઃખ હોય જ છે અને દુઃખ હોય તે સંસાર જ હોય છે. ટૂંકમાં સંસાર એ જ દુઃખ અને દુઃખ એ જ સંસાર છે.સંસારમાં જે સુખરૂપ મનાય છે તે પણ ખરેખર દુઃખરૂપ જ છે. અનાદિકાળથી સંસારમાં રખડતા આ જીવે સંસારની કોઈ પણ સામગ્રી ન મેળવી હોય તેવું બન્યું નથી. સંસારના દરેક પ્રકારના ભોગ-ઉપભોગ તેણે અનંતવાર ભોગવ્યા છે. તોપણ તેને તેમાંથી જરાય તૃપ્તિ થઈ નથી અને ઊલટાની તૃષ્ણા જ વધી છે. તે જ બતાવે છે કે આ જીવે આ સંસારમાંથી ક્યારેય કાંઈ પણ સુખ પ્રાપ્ત કર્યું નથી. આ સંસારનું સ્વરૂપ જ એવું છે કે તેમાં દુઃખ, દુઃખ અને દુઃખ જ છે. સંસારને જેના વડે ઓળખી કે સમજી શકાય તેવા તેના લક્ષણ કે મૂળ સ્વભાવને તેનું સ્વરૂપ કહે છે. સંસારનું સઘળું સ્વરૂપ તેના દુઃખને જ દર્શાવે છે. જે આ પ્રમાણે છે —

૧. સંસાર અસ્થિર છે અને તેથી તે દુઃખરૂપ છે.
૨. સંસાર અનિત્ય છે અને તેથી તે દુઃખરૂપ છે.
૩. સંસાર અશરણ છે અને તેથી તે દુઃખરૂપ છે.

ઉપરોક્ત દરેક બાબતની સમજૂતી નીચે મુજબ છે.

### ૧. સંસાર અસ્થિર છે અને તેથી તે દુઃખરૂપ છે.

**તેથી સ્વભાવે સ્થિર એવું ન કોઈ છે સંસારમાં,**
**સંસાર તો સંસરણ કરતાં દ્રવ્ય કેરી છે ક્રિયા.**

**ભાવાર્થ :** આત્મદ્રવ્યની સંસરણરૂપ ક્રિયા એ જ સંસાર છે. તેથી સંસારમાં સ્વભાવથી સ્થિર હોય એવું કોઈ નથી.

(પ્રવચનસાર : ગાથા ૧૨૦)

સંસાર એટલે સંસરણ પામતા આત્માની અવસ્થા છે સંસરણ એટલે પોતાના ત્રિકાળી સ્વભાવમાંથી સારી રીતે સરકી જવું, ચ્યૂત થવું, ખસી જવું, છૂટી જવું તે છે. પોતાના સ્વભાવમાંથી સરકી ગયેલી પોતાની પર્યાય ગોળ ગોળ ફર્યા કરે છે, પલટાયા કરે છે, પરિવર્તન પામે છે કે પરિભ્રમણ કરે છે. આત્માની આવી અવસ્થા જ આત્માનો સંસાર છે. આ કારણે સંસારનું સ્વરૂપ જરા પણ સ્થિર ન હોય તેવું અસ્થિર છે. વાસ્તવમાં જીવના ઉપયોગની અસ્થિરતા એ જ સંસાર છે. આ અસ્થિરતામાં અંતરંગ નિમિત્ત તરીકે પૌદ્ગલિક કર્મનો ઉદય અને બહિરંગ નિમિત્ત તરીકે સ્ત્રી-પુત્ર-પરિવાર જેવા સંયોગી પદાર્થો હોય છે. તેથી તેને પણ સંસાર કહેવાય છે, પણ તે વ્યવહારથી છે. નિશ્ચયથી પોતાના ત્રિકાળી સ્થિર સ્વભાવમાંથી છૂટી ગયેલા પોતાનો

ઉપયોગની અસ્થિરતા તે જ પોતાનો સંસાર છે. જે ઉપયોગ પોતાના સ્વભાવમાંથી છૂટી ગયેલો છે તે એક સમયને માટે પણ સ્થિર રહેતો નથી. તેથી સંસારી જીવનો ઉપયોગ સતત પલટાયા કરે છે.

**પ્રશ્ન : સંસારી જીવનો ઉપયોગ સતત પલટાયા કરે છે તે કઈ રીતે જાણી શકાય ?**

**ઉત્તર :** પોતે જ સંસારી જીવ છે અને પોતે જ પોતાના પરિણામોને તપાસશે તો પ્રત્યક્ષપણે જણાશે કે તે એક સમયને માટે પણ સ્થિર હોતા નથી અને તે સતત પલટાયા કરે છે. ખાતા-પીતા-સૂતા-બેસતાં કોઈપણ સ્થિતિમાં પોતાનો ઉપયોગ સતત બદલાતો જ રહે છે અને તે કોઈપણ વિષયમાં એક ક્ષણને માટે પણ ટકતો નથી. તે જ બતાવે છે કે સંસારી જીવનો ઉપયોગ સતત પલટાયા કરે છે.

**પ્રશ્ન : સંસારી જીવનો ઉપયોગ સતત પલટાયા કરે છે, તેનું શું કારણ છે ?**

**ઉત્તર :** જીવના પરિણામ કે પર્યાયને તેનો ઉપયોગ કહે છે. કોઈપણ પદાર્થ પોતાના પરિણામ વિનાનો હોતો નથી. જીવના ઉપયોગને આશ્રયભૂત, શરણભૂત કે વિસામાનું કોઈ સ્થાન હોય તો તે પોતાનો ત્રિકાળ શુદ્ધ ધ્રુવ સ્વભાવ છે. પોતાના સ્વભાવ અને ઉપયોગને આધેય-આધારપણું છે. એટલે કે, પોતાનો ઉપયોગ પોતાના સ્વભાવમાં સ્થિત રહે તો તે સ્થિર રહી શકે છે. પરંતુ તે પોતાના સ્વભાવને છોડીને બહાર ક્યાંય જાય તો તે સ્થિર રહી શકતો નથી અને પલટાયા કરે છે. કેમ કે, બહારમાં તેને કોઈ આધાર, આશ્રય કે શરણ ન હોવાથી તેને પલટાયા જ કરવું પડે છે. અને તેથી સંસારી જીવનો ઉપયોગ સતત પલટાયા કરતો અસ્થિર કે ચંચળ હોય છે. આ બાબતને વધુ સમજવા માટે વહાણના પક્ષીનું દૃષ્ટાંત અને તેના આધારે આત્માના ઉપયોગને લાગુ પડતો સિદ્ધાંત આ નીચે આપવામાં આવે છે.

**દૃષ્ટાંત :** અગાધ સમુદ્રમાં સફર કરતું કોઈ વહાણ સમુદ્રની મધ્યમાં સ્થિત છે. આ વહાણમાં તેના વચલા સઢનો થાંભલો એવો કૂવાસ્થંભ આવેલો છે. આ કૂવાસ્થંભના આશ્રયે તેના ઉપર એક પક્ષી રહેલું છે. આ પક્ષી પોતાના આધારભૂત કૂવાસ્થંભને છોડીને બીજે ક્યાંય બહાર જાય તો તેને સતત ઉડવું જ પડે છે. કેમ કે, તે સમુદ્રમાં તે પક્ષીને વહાણના કૂવાસ્થંભ સિવાય બીજો કોઈ આધાર કે આશ્રય હોય તેવો વિસામો કે શરણ નથી. અને તેથી તે પક્ષીને સતત ઉડવું જ પડે છે.




**સિદ્ધાંત :** તેમ અગાધ સમુદ્રરૂપી સંસારમાં પરિભ્રમણ કરતા વહાણ સમાન સંસારી જીવ સંસારસમુદ્રની મધ્યમાં સ્થિત છે. આ સંસારી જીવમાં તેની અંદરમાં વહાણના કૂવાસ્થંભ જેવો ત્રિકાળી શુદ્ધાત્મા આવેલો છે. આ કૂવાસ્થંભ જેવા આશ્રયે તેના ઉપર પક્ષીરૂપ પરિણામ એટલે કે ઉપયોગ રહેલો છે. આ ઉપયોગ તેના આધારભૂત શુદ્ધાત્માને છોડીને બીજે ક્યાંય બહાર જાય તો તેને સતત એક સ્થાનેથી બીજે સ્થાને જુદા જુદા પ્રકારે પલટાયા જ કરવું પડે છે. કેમ કે, તે સંસારમાં તે ઉપયોગને પોતાના શુદ્ધાત્મા સિવાય બીજો કોઈ આધાર કે આશ્રય હોય તેવો વિસામો કે શરણ નથી. અને તેથી તે ઉપયોગને સતત વિવિધ પ્રકારે પલટાયા જ કરવું પડે છે.

વાસ્તવમાં સંસારનો અર્થ જ સંસરણ છે અને સંસરણ એટલે પરિવર્તન, પરાવર્તન, પરિભ્રમણ કે પલટવું છે. અને તેથી સંસારી જીવનો ઉપયોગ સતત પલટાયા કરતો અસ્થિર હોય છે. સંસારી જીવના ઉપયોગની અસ્થિરતા જ તેની આકુળતા છે.

**પ્રશ્ન : સંસારી જીવના ઉપયોગની અસ્થિરતા એ જ તેની આકુળતા છે, તે કઈ રીતે ?**

**ઉત્તર :** સંસારી જીવના ઉપયોગની સ્થિરતા નથી. તેથી તે એક જગ્યાએથી છૂટી બીજી જગ્યાએ ભટકયા કરે છે. તેથી ત્યાં શાંતિ નથી, સુખ નથી, સમતા નથી અને તે જ તેની આકુળતા છે. અસ્થિરતા અને આકુળતા ' *અવિનાભાવી* છે. તેથી સંસારીજીવના ઉપયોગની અસ્થિરતા જ તેની આકુળતાને બતાવે છે.

વળી સંસારી અજ્ઞાની જીવનો ઉપયોગ પોતાના ત્રિકાળી સ્વભાવમાં સ્થિત હોતો નથી. પોતાનો

ત્રિકાળી સ્વભાવ જ સુખ અને શાંતિમય છે. તેથી તે નિરાકુળ છે. જે પોતાના સ્વભાવમાં ટકી રહે છે, તે નિરાકુળ હોય છે. અને જે ઉપયોગ પોતાના સ્વભાવમાંથી છૂટી જઈ બહાર ભટકે છે તે આકુળ હોય છે. સંસારી અજ્ઞાની જીવનો ઉપયોગ હંમેશા બહાર ભટકતો એવો અસ્થિર હોવાથી તે આકુળ હોય છે.

આ ઉપરાંત જીવના ઉપયોગની સ્થિરતા એ તેની સ્વભાવદશા છે. સ્વભાવદશા જીવને અનુકૂળ હોવાથી અનાકુળ હોય છે. તેથી વિરુદ્ધ જીવના ઉપયોગની અસ્થિરતા એ તેની વિભાવદશા છે. વિભાવદશા જીવને પ્રતિકૂળ હોવાથી આકુળ હોય છે. સંસારી જીવના ઉપયોગની અસ્થિરતા એ તેની વિભાવદશા હોવાથી તે રીતે પણ તે આકુળ છે.

આ રીતે સંસારનું સ્વરૂપ જ આકુળતામય છે. આકુળતા વિનાનો સંસાર સંભવતો નથી અને આકુળતા એ જ દુઃખ છે.

**પ્રશ્ન :** આકુળતા એ જ દુઃખ છે, તે કઈ રીતે ?

**ઉત્તર :** દુઃખનું લક્ષણ જ આકુળતા છે. જ્યાં અગ્નિ હોય ત્યાં ઉષ્ણતા હોય છે તેમ જ્યાં આકુળતા હોય ત્યાં દુઃખ હોય છે. અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાનને આકુળતા નથી અને તેથી દુઃખ નથી. સંસારી અજ્ઞાની જીવને નિરંતર આકુળતા છે, તેથી તેને નિરંતર દુઃખ છે. સંસારી જીવનો ઉપયોગ નિરંતર બદલાયા કરે છે, તે તેની આકુળતા અને દુઃખને જ દર્શાવે છે.

સંસાર અસ્થિર છે અને તેથી તે દુઃખરૂપ છે. શુદ્ધાત્મા સ્થિર છે અને તેથી તે સુખરૂપ છે. શુદ્ધાત્માનો આશ્રય કરવાથી સંસારદશાની અસ્થિરતા અને દુઃખનો અભાવ થઈ મોક્ષદશાની સ્થિરતા અને સુખની પ્રાપ્તિ થાય છે.

## ૯. સંસાર અનિત્ય છે
### અને તેથી તે દુઃખરૂપ છે.


(ઉપજાતિ)

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગરંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ !

**ભાવાર્થ :** લક્ષ્મી વીજળી જેવી છે. વીજળીનો ઝબકારો થઈને ઓલવાઈ જાય છે તેમ લક્ષ્મી આવીને ચાલી જાય છે.

અધિકાર પતંગિયાનાં રંગ જેવું છે. પતંગિયાનો રંગ ચાર દહાડાની ચટકી છે. તેમ અધિકાર પણ થોડો કાળ રહીને હાથમાંથી જતો રહે છે.

આયુષ્ય પાણીના મોજા જેવો છે. પાણીનું મોજું આવ્યું ન આવ્યું ને તુરત વિલય પામી જાય છે. તેમ એક જન્મ પામ્યાં ન પામ્યાં ને તુરત મરણ આવી જાય છે.



સંસારમાં લક્ષ્મી વીજળી જેવી, અધિકાર પતંગિયાના રંગ જેવો, આયુષ્ય પાણીના મોજા જેવો અને કામ ભોગ મેઘ ધનુષ્યના રંગ જેવા ક્ષણીક હોય છે તે બતાવતું ચિત્ર

કામભોગ મેઘધનુષના રંગ જેવા છે. વર્ષાકાળમાં ઉત્પન્ન થતા મેઘધનુષના રંગ થોડી જ વારમાં ઝંખવાઈ જાય છે. તેમ યૌવનકાળમાં ભોગવાતા કામભોગ જરાવયમાં ઝંખવાઈ જાય છે.

ટૂંકમાં હે જીવ ! સંસારની સઘળી ચીજો ક્ષણિક છે. તો તેમાં શા માટે મોહિત થઈ રાજીપો માનવો ?

(શ્રીમદ્ રાજચંદ્ર : ભાવનાબોધ : અનિત્યભાવના : પાનુ ૩૬)

સંસારની સઘળી બાબતો ક્ષણિક, અસ્થાયી કે અનિત્ય છે. તેથી સંસાર પોતાના સ્વરૂપથી જ અનિત્ય છે. નિશ્ચયથી પોતાના આત્માની અશુદ્ધ પર્યાય જ પોતાનો સંસાર છે. આ પર્યાય દરેક ક્ષણે જુદા જુદા પ્રકારે બદલાતી હોવાથી તે અનિત્ય છે. આ અશુદ્ધ પર્યાયનું કારણ પૌદ્‌ગલિક કર્મ અને તેના નિમિત્તે પ્રાપ્ત થતી શરીર, સ્ત્રી, પુત્ર, પરિવાર, ધન, સંપત્તિ વગેરે જેવી સંયોગી સામગ્રી હોય છે. તેથી

આવા સંયોગી પદાર્થોને પણ વ્યવહારથી સંસાર કહેવામાં આવે છે. આ સંયોગી પદાર્થો પણ નાશવંત છે અને તેથી તે અનિત્ય છે.

**પ્રશ્ન : અસ્થિર હોય તે અનિત્ય હોય છે તો તેની જુદી ચર્ચાની શી આવશ્યકતા છે ?**

**ઉત્તર :** અસ્થિરતા અને અનિત્યતામાં તફાવત છે. જે ચંચળ કે હાનિવૃદ્ધિવાળું હોય તે અસ્થિર છે અને જે અધ્રુવ કે વિનાશી હોય તે અનિત્ય છે. સંસાર અસ્થિર છે તેમ અનિત્ય પણ છે. કેમ કે, સંસારમાં જે સામગ્રીનો સંયોગ હોય તેનો વિયોગ પણ હોય છે. આદિ હોય તેનો અંત પણ હોય છે. જન્મ હોય તેનું મરણ પણ હોય છે. નામ હોય તેનો નાશ પણ હોય છે. આવી રીતે પણ સંસારની સઘળી બાબતો અનિત્ય છે.

**પ્રશ્ન : સંસારની સઘળી બાબતો અનિત્ય છે તે કઈ રીતે જાણી શકાય છે ?**

**ઉત્તર :** નિશ્ચયથી પોતાના સ્વભાવમાંથી સરકી ગયેલી પોતાની જ અશુદ્ધ પર્યાય અને વ્યવહારથી શરીરાદિ બાહ્ય સંયોગી પદાર્થો પોતાનો સંસાર છે.

પોતાની અશુદ્ધ પર્યાયરૂપ પોતાના નિશ્ચય સંસારનું અનિત્યપણું પોતાના પ્રત્યક્ષ અનુભવથી અને પોતાના શરીરાદિ સંયોગી પદાર્થોરૂપ પોતાના વ્યવહાર સંસારનું અનિત્યપણું પોતાના પ્રત્યક્ષ અવલોકનથી જાણી શકાય છે.



યુવાનીની સાથે સંકળાયેલી વૃદ્ધાવસ્થા

પોતાની અશુદ્ધ પર્યાયરૂપ પોતાનો નિશ્ચય સંસાર એ રાગદ્વેષરૂપ વિકલ્પોપણે હોય છે. આ વિકલ્પો વારંવાર પલટાયા કરે છે અને તેથી તે અનિત્ય છે. જે પોતાના નિશ્ચય સંસારનું જ અનિત્યપણું દર્શાવે છે. આ બાબત પોતાના પ્રત્યક્ષ અનુભવનો જ વિષય છે. તેથી પોતાના પ્રત્યક્ષ અનુભવથી પોતાના નિશ્ચય સંસારનું અનિત્યપણું જાણી શકાય છે.

પોતાના શરીરાદિ પદાર્થોરૂપ પોતાનો વ્યવહાર સંસાર એ બાહ્ય સંયોગી પદાર્થોપણે હોય છે. આ સંયોગી પદાર્થોમાં વધઘટ અને ફેરફાર થયા કરે છે. વળી તે વિયોગ પણ પામે છે. આ બાબત પોતાના પ્રત્યક્ષ અવલોકનનો જ વિષય છે. તેથી પોતાના પ્રત્યક્ષ અવલોકનથી પોતાના વ્યવહાર સંસારનું અનિત્યપણું જાણી શકાય છે.

કોઈપણ કાળમાં અને કોઈપણ સ્થિતિમાં પોતાના પરિણામ અને સંયોગી પદાર્થો સતત પલટાયા કરે છે અને તે જ સંસારનું અનિત્યપણું દર્શાવે છે.

**પ્રશ્ન : સંસારનું અનિત્યપણું દર્શાવતી બાબતો કઈ કઈ છે ?**

**ઉત્તર :** આ જગતમાં બાળકનો જન્મ થાય અને તેની માતા તેને ગોદમાં લ્યે તે પહેલાં જ તે અનિત્યતાની ગોદમાં આવી જાય છે. યુવાનીની સાથે જ વૃદ્ધાવસ્થા સંકળાયેલી છે. કેમ કે, સંસારનું સ્વરૂપ જ અનિત્ય છે સંસારનું અનિત્યપણું દર્શાવતી કેટલીક બાબતો નીચે મુજબ છે.

**૧. સંસારનું પરિભ્રમણ :** સંસારનો અર્થ જ સંસરણ છે. સંસરણ એટલે પરિવર્તન, પરાવર્તન, પરિભ્રમણ કે ગોળ ફરવું તે છે. સંસારી જીવ નિરંતર જન્મ-મરણ રૂપે, ચારગતિરૂપે કે પાંચ પ્રકારના પરાવર્તનરૂપે પરિભ્રમણ કર્યા કરે છે. સંસારી જીવનું આવું પરિભ્રમણ જ તેની અનિત્યતાને બતાવે છે.

**૨. સંસારની અસ્થિરતા :** સંસારનું સ્વરૂપ જ અસ્થિર છે અને જે અસ્થિર હોય તે ક્ષણે ક્ષણે બદલાયા કરતું હોવાથી અનિત્ય પણ છે. આથી સંસારની અસ્થિરતા જ તેની અનિત્યતાને જણાવે છે.

**૩. સંસારની પરિવર્તનશીલતા :** સંસારની દરેક ચીજ પરિવર્તનશીલ છે. બાળક હોય તે યુવાન થાય છે. યુવાન હોય તે વૃદ્ધ થાય છે. જીવ એક દેહમાંથી બીજા દેહમાં અને એક ગતિમાંથી બીજી ગતિમાં પરિવર્તન પામે છે. સંસારની આ બધી પરિવર્તનશીલતા પણ તેની અનિત્યતાને જ સૂચવે છે.


**૪. સંસારનો અભાવ :** સંસારનો અભાવ થઈ મોક્ષની પ્રાપ્તિ પણ થાય છે. સંસાર જો અનિત્ય ન હોય તો સંસારનો અભાવ થઈ શકે નહિ. સંસારનો અભાવ પણ થાય છે તે જ બતાવે છે કે સંસાર અનિત્ય છે.

૫. સંસારની વિચિત્રતા : સમગ્ર સંસાર વિચિત્રતાઓથી ભરપુર છે. જે દિવસનું મંગળમય પ્રભાત હોય છે તે જ દિવસ અસ્તપણાને પામે છે. સવારના જેનો ભારે ધામધૂમથી રાજ્યાભિષેક થાય છે તેનો જ સાંજના સમયે સ્મશાનની ચિતામાં અગ્નિસંસ્કાર થતો જણાય છે. સંસારની આવી વિચિત્રતાઓ જ સંસારનું અનિત્યપણું પ્રકાશે છે.

ઉપર જેવી બાબતો સંસારનું અનિત્યપણું દર્શાવે છે. સંસારની અનિત્યતા જ તેની આકુળતા અને દુ:ખ છે.

**પ્રશ્ન :** સંસારની અનિત્યતા જ તેની આકુળતા અને દુ:ખ કઈ રીતે છે ?

**ઉત્તર :** સંસાર અનિત્ય છે. અનિત્ય બાબત પોતાના સુખ કે શાંતિનું કારણ હોતી નથી. જ્યાં અનિત્યતા હોય ત્યાં આકુળતા હોય જ છે. આકુળતા એ દુ:ખનું લક્ષણ છે. તેથી સંસારની અનિત્યતા જ તેની આકુળતા અને દુ:ખ છે.



સંસાર બે પ્રકારે છે નિશ્ચયથી પોતાના ઉપયોગપણે અને વ્યવહારથી સંયોગી પદાર્થોપણે. નિશ્ચયથી સંસારની અનિત્યતા એટલે સંસારી આત્માના ઉપયોગની અનિત્યતા છે. અનિત્ય ઉપયોગ એ આત્માનો વિભાવ છે. વિભાવ આત્માને પ્રતિકૂળ છે અને તેથી તે આકુળ છે અને તેથી તે દુ:ખ છે. વ્યવહારથી સંસારની અનિત્યતા એટલે સંસારી આત્માના સંયોગી પદાર્થની અનિત્યતા છે. અનિત્ય સંયોગી પદાર્થ એ આત્માની શોભા કે સુખ હોઇ શકે નહિ. આ રીતે પણ સંસારની અનિત્યતા જ તેની આકુળતા અને દુ:ખ છે.

સંસાર અનિત્ય છે અને તેથી તે દુ:ખરૂપ છે. શુદ્ધાત્મા નિત્ય છે અને તેથી તે સુખરૂપ છે. શુદ્ધાત્માનો આશ્રય કરવાથી સંસારની અનિત્યતા અને દુ:ખનો અભાવ થઈ મોક્ષની નિત્યતા અને સુખની પ્રાપ્તિ થાય છે.

## ૩. સંસાર અશરણ છે અને તેથી તે દુ:ખરૂપ છે.

(ચાલ છંદ)

सुर असुर खगाधिप जे ते, मृग ज्यों हरि, काल दले ते।

मणि मंत्र तंत्र बहु होइ, मरते न बचावे कोइ ॥

**ભાવાર્થ :** સંસારમાં મહાન મનાતા [૩]સુરેન્દ્ર, [૪]અસુરેન્દ્ર, [૫]ખગેન્દ્ર જેવાઓ પણ મરણથી બચી શક્યા નથી. મરણ સમયે મણિ, મંત્ર, [૬]જંત્ર, તંત્ર વગેરે કોઈપણ કામ આવતું નથી. જેમ સિંહની સામે હરણનું બચ્ચુ નિ:સહાય છે તેમ મરણની સામે સંસારી જીવ નિ:સહાય છે. જે આ સંસારનું અશરણપણું સૂચવે છે. ( ઢાળા, ઢાળ : ૫, ગાથા ૪)

જે આપણને સુરક્ષા પ્રદાન કરે, સલામતિ બક્ષે, નિર્ભય રાખે તેને શરણભૂત કહેવાય. આ જગતમાં સંસારી જીવને કોઈ શરણભૂત નથી. સંસારી જીવને તેના જન્મ-મરણ, સુખ-દુ:ખ, બંધ-મોક્ષ વગેરે પ્રસંગે કોઈ અન્ય સહાયરૂપ હોતું નથી અને પોતે એકલો જ હોય છે. તેથી આ સંસાર અશરણ છે.

**પ્રશ્ન :** સંસાર અશરણ શા માટે ?

**ઉત્તર :** સંસારનું સ્વરૂપ અસ્થિર અને અનિત્ય છે. તેથી તે પોતે જ અશરણ છે અને બીજાને શરણભૂત નથી. જે સ્થિર અને નિત્ય હોય તે જ શરણભૂત બની શકે. સંસારની અસ્થિરતા અને અનિત્યતા જ તેની અશરણતાની [૭]દ્યોતક છે.

સંસારનો અર્થ સંસરણ છે. પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાંથી સરકી ગયેલી પોતાની પર્યાય એ જ સંસરણ અર્થાત્ સંસાર છે. પોતાની પર્યાયનો આધાર, આશ્રય કે શરણ પોતાનો શુદ્ધાત્મા જ હોય છે. અને તેથી શુદ્ધાત્માના શરણમાંથી છૂટી ગયેલી પર્યાયને બીજું કોઈ શરણ ન હોવાથી તે અશરણ છે. નિશ્ચયથી પોતાની આ પર્યાય જ પોતાનો સંસાર છે અને તે તો

અશરણ છે જ. અને આ પર્યાયનું કારણ સ્ત્રી-પુત્ર-પરિવાર વગેરે હોય છે તેને વ્યવહારથી સંસાર કહે છે. પરંતુ આ સ્ત્રી-પુત્ર-પરિવાર પણ પોતાના ત્રિકાળી દ્રવ્યમાંથી છૂટી ગયેલી અશુદ્ધ પર્યાયરૂપ હોવાથી તે પોતે પણ અશરણ છે અને તેથી તે અન્યનું પણ શરણ થઈ શકે નહિ. આ રીતે સમગ્ર સંસાર અશરણ છે અને આ સંસારી આત્માનું જગતમાં કોઈ શરણ નથી.

**પ્રશ્ન : આ સંસારમાં અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મ એ ચાર શરણા કહ્યાં છે. તો તમે કોઈ શરણા નથી તેમ કઈ રીતે કહો છો ?**

**ઉત્તર :** નિશ્ચયથી પોતાના શુદ્ધાત્મા સિવાય આ સંસારમાં બીજું કોઈ શરણ નથી. તોપણ પોતાના આ નિશ્ચય શરણ એવા શુદ્ધાત્માને બતાવનારા અને ત્યાં સુધી પહોંચવામાં અરિહંતાદિ નિમિત્તભૂત હોવાથી વ્યવહારથી તેમને શરણ કહ્યા છે. અને તે વ્યવહારથી શરણ પણ તેના દ્વારા પોતાના નિશ્ચય શરણ એવા શુદ્ધાત્મા સુધી પહોંચે તો જ કહી શકાય છે. સંસારમાં રહેલા સંસારી આત્માઓને વાસ્તવમાં પોતાના શુદ્ધાત્મા સિવાય બીજું કોઈ શરણ થઈ શકતું નથી.



સંસારી જીવના મરણ જેવા પ્રસંગે તેને અરિહંત ભગવાન જેવા પણ બચાવી શકતા નથી. જેથી સંસારી આત્માઓ અશરણ જ છે અને આ અશરણપણું એ જ દુ:ખ છે.

**પ્રશ્ન : સંસારનું અશરણપણું તે દુ:ખ કઈ રીતે ?**

**ઉત્તર :** સંસાર અશરણ છે અને તેથી તે અનાથ છે, અસહાય છે, નિરાધાર છે અને તેથી તે દુ:ખ છે.

અશરણ હોય તે પોતાનું શરણ મેળવવા માટે ચારે બાજુ ઝાવાં નાંખે છે અને તેથી તે અત્યંત આકુળ રહે છે. અને આ આકુળતા એ જ તેનું દુ:ખ છે.

સંસાર અશરણ છે અને તેથી તે દુ:ખરૂપ છે શુદ્ધાત્મા શરણરૂપ છે અને તેથી તે સુખરૂપ છે. શુદ્ધાત્માનો આશ્રય કરવાથી સંસારની અશરણતા અને તેના દુ:ખનો અભાવ થઈ શુદ્ધાત્માના શરણે પ્રગટ થતા મોક્ષ અને તેના સુખની પ્રાપ્તિ થાય છે.

## ઉપસંહાર

સંસારનો અર્થ જ સંસરણ છે. સંસરણ એટલે પરાવર્તન, પરિવર્તન કે પરિભ્રમણ છે. સંસારી અજ્ઞાની જીવ ચાર પ્રકારની ગતિ અને પાંચ પ્રકારના પરાવર્તનમાં અનાદિકાળથી ગોળ ગોળ ફરી પરિભ્રમણ કર્યા કરે છે અને આ પરિભ્રમણમાં તે અનંતાનંત દુ:ખો ભોગવે છે. આ જીવ અનાદિકાળથી નિગોદમાં જ હોય છે. નિગોદમાંથી બહાર નીકળી ત્રસપર્યાય પ્રાપ્ત થવી બહુ દુર્લભ છે. ત્રસપર્યાયમાં પુણ્યના પ્રતાપે તે વધુમાં વધુ નવમી ગ્રૈવેયકના દેવલોક સુધી પહોંચી શકે છે. પણ અજ્ઞાનના કારણે તેના પરિભ્રમણનો અંત આવતો નથી અને ત્રસપર્યાયમાં વધુમાં વધુ બે હજાર સાગરોપમનો કાળ રહી ફરી પાછા પાપ કરી નિગોદમાં પણ આવે છે. નિગોદમાં પ્રવેશેલો જીવ અનંતકાળ સુધી ત્યાંથી બહાર આવતો નથી. અનાદિકાળથી આવી રીતે સંસારમાં રખડતા અજ્ઞાની જીવને ત્રસપર્યાયના બીજા અસંખ્યાત અને એકેન્દ્રિયના અનંતા ભવો કરે ત્યારે એકાદ મનુષ્યનો ભવ પ્રાપ્ત થાય છે. આ મનુષ્યભવનો ઉપયોગ અનાદિ સંસારનો અભાવ કરી મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે થઈ શકે છે. અને તેમાં જ મનુષ્યજીવનની સફળતા છે. પરંતુ આ માટે તે મનુષ્યે આ સંસારમાં ક્યાંય સુખ નથી અને મોક્ષ તથા મોક્ષમાર્ગમાં જ સુખ છે તે સમજવું સૌ પ્રથમ જરૂરી છે.

આ સંસારનું સ્વરૂપ જ અસ્થિર, અનિત્ય અને અશરણરૂપ છે અને તેથી તે પોતાના સ્વરૂપથી જ દુ:ખરૂપ છે. સંસારી જીવનો ઉપયોગ સતત પલટાયા કરે છે તે જ તેની અસ્થિરતા છે અને અસ્થિરતા એ જ આકુળતા અને તેથી દુ:ખ છે. સંસારી જીવનું પરિભ્રમણ, સંસારની અસ્થિરતા, સંસારની પરિવર્તનશીલતા, સંસારની વિચિત્રતા તેમજ સંસારનો પણ અભાવ થાય છે તે બધું તેની અનિત્યતાને બતાવે છે. જ્યાં અનિત્યતા હોય ત્યાં આકુળતા અને દુ:ખ હોય જ છે. આ સંસારી જીવને સંસારમાં કોઈ દેવી-દેવતા, માત-પિતા કે સગા-સંબંધી વગેરેમાંથી કાંઈ મરણ જેવા પ્રસંગે બચાવી શકતું નથી. તે જ સંસારના અશરણપણાને દર્શાવે છે. અશરણપણું એ એક નિરાધારપણું, નિ:સહાયપણું કે અનાથપણું હોવાથી

દુ:ખરૂપ છે. આ રીતે સંસાર પોતાના સ્વરૂપથી જ દુ:ખરૂપ છે.

સંસાર અસ્થિર, અનિત્ય અને અશરણ છે, અને તેથી તે દુ:ખરૂપ છે. પોતાનો શુદ્ધાત્મા સ્થિર, નિત્ય અને શરણરૂપ છે, અને તેથી તે સુખરૂપ છે. શુદ્ધાત્માની ઓળખાણ કરી તેનો આશ્રય કરવાથી શુદ્ધાત્મા જેવી સ્થિર, નિત્ય અને શરણરૂપ દશા પ્રાપ્ત થાય છે. એટલે કે અસ્થિર, અનિત્ય અને અશરણરૂપ સંસારનો અભાવ થઈ સ્થિર, નિત્ય અને શરણરૂપ મોક્ષમાર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને તેથી સંસારના દુ:ખનો અભાવ થઈ મોક્ષમાર્ગ અને મોક્ષના સુખની પ્રાપ્તિ થાય છે.

અશરણ સંસારમાં પોતાના શરણરૂપ શુદ્ધાત્મા સુધી ન પહોંચે ત્યાં સુધી તે શુદ્ધાત્માને ઓળખાવનારા અને શુદ્ધાત્મા સુધી પહોંચાડનારા સર્વજ્ઞ દેવ અને તેમણે પ્રરૂપેલો ધર્મ વ્યવહારથી શરણ છે. સર્વજ્ઞ ભગવાને પ્રરૂપેલા ધર્મના આધારે આ આત્મા શુદ્ધાત્માને શરણે સંસારમાર્ગી મટીને મોક્ષમાર્ગી બને છે. અને તેથી તે અનાથ મટી સનાથ થાય છે. શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં –

(ઉપજાતિ)

*સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;*
*અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.*

**ભાવાર્થ :** સર્વજ્ઞ ભગવાને પ્રરૂપેલો રત્નત્રય ધર્મ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ જ આ જીવને એક માત્ર શરણ છે. આ ભવભ્રમણમાં તેના વિના બીજું કોઈ શરણ નથી. તેથી હે ભવ્ય ! તે ધર્મને ઉત્તમ શરણ જાણીને તેની તું મન-વચન-કાયાના પ્રભાવે સર્વ પ્રકારે આરાધના કર, આરાધના કર. અને તેના ફળમાં તું અનાથ મટી સનાથ થઈ જઈશ. (શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૧૭મું, ભાવનાબોધ : પાનું ૩૭)



## ટિપ્પણ

૧. દાવાનળ : જંગલમાં એની મેળે સળગતો ભયાનક અગ્નિ, દવ. • ૨. અવિનાભાવી : એક વિના બીજાનું ન હોવું તે, અસ્થિરતા અને આકુળતા એકબીજા વિના હોતા નથી. • ૩. સુરેન્દ્ર : વૈમાનિક દેવના ઈન્દ્ર. • ૪. અસુરેન્દ્ર : ભવનવાસી અને વ્યંતરવાસી દેવના ઈન્દ્ર. • ૫. ખગેન્દ્ર : જ્યોતિષી દેવના ઈન્દ્ર • ૬. જંત્ર : જાદુઈ તાવીજ. • ૭. દ્યોતક : બતાવનાર , દેખાડનાર. • ૮. સુખોચિત : ભોગવિલાસને યોગ્ય.

## સંદર્ભ ગ્રંથો


પ્રાસ્તાવિક : ૧. છ ઢાળા, ઢાળ : ૫, ગાથા ૫.

સંસાર એટલે શું ? ૧. સર્વાર્થસિદ્ધિ : અ.૨, સૂત્ર ૧૦, કારિકા ૨૭૫, પાનુ ૧૧૬; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૨/૧૦/૧/૧૨૪; • ૩. તત્ત્વાર્થસૂત્ર : અ.૨ સૂત્ર ૧૦ની મુ. રામજીભાઈ કૃત ટીકા; • ૪. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૩૨; • ૫. ધવલ : ૧૩/૫, ૪, ૧૭/૪૪/૧૦; • ૬. જૈ.સિ.કોશ : ભાગ ૪ : સંસાર : પાનુ ૧૪૬.

સંસારનું સ્વરૂપ : ૧. યુગલકિશોરકૃત દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજાની જયમાલા : કડી નં. ૧ અને ૪. ૧. સંસાર અસ્થિર છે અને તેથી તે દુ:ખરૂપ છે. ૧. પ્રવચનસાર : ગાથા ૧૦, ૫૯, ૬૨, ૧૨૦; • ૨. પંચાસ્તિકાય સંગ્રહ : ગાથા ૧૨; • ૩. સમયસાર : આત્મખ્યાતિ : પરિશિષ્ટ : પાંચમી સુખશક્તિ. ૨. સંસાર અનિત્ય છે અને તેથી તે દુ:ખરૂપ છે. ૧. શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૧૭ : ભાવના બોધ : પ્રથમચિત્ર : અનિત્યભાવના : પાનુ ૩૬; • ૨. દ્વાદશાનુપ્રેક્ષા : ગાથા ૨૭; • ૩. આત્માનુશાસન : ગાથા ૫૨. ૩. સંસાર અશરણ છે અને તેથી તે દુ:ખ રૂપ છે. ૧. છ ઢાળા : ઢાળ ૫ : ગાથા ૪; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૯/૭/૨/૬૦૦/૧૫; • ૩. ચારિત્રસાર : પાનુ ૧૭૮, પંક્તિ ૪; • ૪. જૈ.સિ.કોશ : ભાગ ૪ : શરણ : પાનુ ૫; • ૫. નિયમસાર : ગાથા ૧૦૧; • ૬. હરિવંશપુરાણ : સર્ગ ૫૮, શ્લોક ૧૨; • ૭. યશસ્તિલક ચમ્પૂકાવ્ય : શ્લોક ૧૧૯; • ૮. શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૧૭ : મોક્ષમાળા પાઠ ૫, ૬, ૭ : અનાથી મુનિ : પાનુ ૬૦ થી ૬૩.

ઉપસંહાર : ૧. શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૧૭ :: અશરણભાવના : પાનુ ૩૭.


## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.**

**૧. સંસાર એટલે શું ?** ૧. ☐
A. સ્વરૂપમાંથી સરકી ગયેલી પોતાની પર્યાય
B. પૌદ્ગલિક કર્મોનો ઉદય
C. અજ્ઞાની જીવ  D. સ્ત્રી–પુત્ર–પરિવાર.

**૨. સંસારના દરેક પ્રકારના ભોગોપભોગ આ જીવે કેટલીવાર ભોગવ્યા છે ?** ૨. ☐
A. એકેય વાર નહિ.  B. અનંતવાર
C. એકવાર  D. અનેકવાર

**૩. સંસારનું સ્વરૂપ કેવું નથી ?** ૩. ☐
A. અસ્થિર B. અવિનાશી C. અશરણ D. અનિત્ય

**૪. સંસરણ એટલે શું ?** ૪. ☐
A. સંસારી જીવ  B. આત્માનો સ્વભાવ
C. પોતાના સ્વભાવમાંથી સરકી ગયેલી પર્યાય
D. સંસારની ચાર ગતિ.

**૫. સંસારી જીવનો ઉપયોગ સતત પલટાયા કરે છે તે કઈ રીતે જાણી શકાય ?** ૫. ☐
A. સંસારી અન્ય જીવના પરિણામોને તપાસવાથી
B. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાથી
C. પરોક્ષ પરાનુભવ વડે
D. પ્રત્યક્ષ સ્વાનુભવ વડે

**૬. સ્વભાવમાંથી છૂટેલો સંસારીજીવનો ઉપયોગ સતત પલટાયા કરે છે તેનું શું કારણ ?** ૬. ☐
A. તે એકસાથે ઘણા બધા કામ કરતો હોવાને કારણે
B. તેને કોઈ આકાર ન હોવાને કારણે
C. તેને કોઈ મર્યાદા ન હોવાને કારણે
D. તેને કોઈ આધાર ન હોવાને કારણે

**૭. સંસાર હોય ત્યાં શું હોય છે ?** ૭. ☐
A. જ્ઞાન  B. અજ્ઞાન
C. દુ:ખ  D. સુખ

૮ સંસારી જીવની આકુળતા એ જ તેનું દુઃખ છે તેમ કયા કારણે કહી શકાય ? ૮. ☐
A. આકુળતાનું લક્ષણ દુઃખ હોવાને કારણે
B. દુઃખનું લક્ષણ આકુળતા હોવાને કારણે
C. સંસારી જીવ નિરંતર દુઃખી હોવાને કારણે
D. સંસારી જીવ આકુળતા સમયે દુઃખી હોવાને કારણે

૯. નિશ્ચયથી આત્માનો સંસાર શું છે ? ૯. ☐
A. આત્માનું મિથ્યાત્વ
B. આત્માની અશુદ્ધ પર્યાય
C. સ્ત્રી-પુત્ર-પરિવાર વગેરે સંયોગી પદાર્થો
D. પૌદ્‌ગલિક કર્મનો ઉદય

૧૦. સંસારની સઘળી બાબતો અનિત્ય છે તે કઈ રીતે જાણી શકાય ? ૧૦. ☐
A. પ્રત્યક્ષ સ્વાનુભવ કે અવલોકનથી
B. અનુમાન કે યુક્તિથી
C. કોઈની આજ્ઞા કે ઉપદેશથી
D. સંસારની અનિત્ય ભાવના ભાવવાથી

૧૧. બાળકનો જન્મ થતાં તે સૌ પ્રથમ કોની ગોદમાં આવે છે ? ૧૧. ☐
A. અનિત્યતાની B. માતાની
C. યમરાજાની D. ભગવાનની

૧૨. નીચે પૈકી કઈ બાબત સંસારની અનિત્યતા દર્શાવતી નથી ? ૧૨. ☐
A. સંસારની વિચિત્રતા B. સંસારનું દુઃખ
C. સંસારનું સ્વરૂપ D. સંસારની પરિવર્તનશીલતા

૧૩. સંસારનો અભાવ થઈ મોક્ષની પ્રાપ્તિ થાય એ શું દર્શાવે છે ? ૧૩. ☐
A. સંસારની સ્થિરતા B. સંસારનું દુઃખ
C. સંસારની અનિત્યતા D. સંસારની એકરૂપતા

૧૪. આ અશરણ સંસારમાં સંસારી જીવને શરણરૂપ કોણ છે ? ૧૪. ☐
A. પંચ પરમેષ્ઠી B. દેવી-દેવતા
C. પોતાનો શુદ્ધાત્મા D. ધન-સંપત્તિ

૧૫. નિશ્ચયથી શરણ કેટલા છે ? ૧૫. ☐
A. ચાર : અરિહંત-સિદ્ધ-સાધુ-ધર્મ
B. ત્રણ : દેવ-શાસ્ત્ર-ગુરુ
C. બે : મંત્ર-તંત્ર
D. એક : શુદ્ધાત્મા

૧૬. સંસારના દુઃખરૂપ સ્વરૂપનું કારણ શું નથી ? ૧૬. ☐
A. અનિત્યતા B. અશરણતા
C. અસ્થિરતા D. અલ્પજ્ઞતા

૧૭. સંસારનો અર્થ નીચે પૈકી કયો નથી ? ૧૭. ☐
A. પરિવર્તન B. સંસરણ
C. સ્વભાવમાં સરકી જવું તે
D. ગોળ ગોળ ફરવું તે

૧૮. ત્રસ પર્યાયનો વધુમાં વધુ કાળ કેટલો ? ૧૮. ☐
A. અસંખ્યાત કલ્પકાળ
B. બે હજાર સાગરોપમ
C. અંતમુહૂર્ત D. અનંતકાળ

૧૯. નિગોદમાં પ્રવેશેલો જીવ ઓછામાં ઓછા કેટલા કાળ સુધી નિગોદમાં રહે છે ? ૧૯. ☐
A. સંખ્યાતકાળ B. અનંતકાળ
C. અંતર્મુહૂર્ત D. અસંખ્યાતકાળ

૨૦. રત્નત્રય ધર્મ એટલે શું ? ૨૦. ☐
A. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ
B. દેવ-ગુરુ-શાસ્ત્રરૂપ નિમિત્ત
C. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ સત્‌નું સ્વરૂપ
D. દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ પોતાનો આત્મા.

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નો એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.**

૧. સંસારની ચારેય ગતિ શેનું સ્થાન છે ?
૨. નિશ્ચયથી આત્માનો સંસાર શું છે ?
૩. વ્યવહારથી આત્માનો સંસાર શું છે ?
૪. સંસારનું સ્વરૂપ દુઃખરૂપ છે તેના કારણો જણાવો.
૫. સંસારી જીવનો ઉપયોગ અસ્થિર છે તે કેમ જાણી શકાય ?
૬. આકુળતા એટલે શું ?
૭. દુઃખનું લક્ષણ શું છે ?
૮. શા માટે સંસાર અનિત્ય છે ?
૯. સંસારનું અનિત્યપણું દર્શાવતી બાબતોના નામ આપો.
૧૦. શરણ એટલે શું ?
૧૧. શા માટે સંસાર અશરણ છે ?
૧૨. શરણ એટલે શું ?
૧૩. નિશ્ચયથી શરણ શું છે ?
૧૪. વ્યવહારથી શરણ શું છે ?

**નીચે આપેલ પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

૧. સંસાર એટલે શું તે સમજાવો
૨. સંસાર અસ્થિર છે અને તેથી દુઃખરૂપ છે તે બાબત સમજાવો.
૩. સંસારી જીવનો ઉપયોગ સતત પલટાયા કરે છે તે બાબત દૃષ્ટાંતથી સમજાવો.
૪. સંસારની અસ્થિરતા કઈ રીતે દુઃખરૂપ છે ?
૫. સંસાર અનિત્ય છે અને તેથી તે દુઃખરૂપ છે એ બાબત સમજાવો.
૬. સંસારની અનિત્યતા કઈ રીતે દુઃખરૂપ છે ?
૭. સંસાર અશરણ છે અને તેથી તે દુઃખરૂપ છે તે બાબત સમજાવો.
૮. સંસારનું અશરણપણું કઈ રીતે દુઃખરૂપ છે ?

## વિદ્યાર્થીઓની જૂથ પ્રવૃત્તિ

૧. સંસારનું કોઈ એક સ્વરૂપ પસંદ કરી તે દુઃખરૂપ છે તે દર્શાવતો પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. સંસારનું સ્વરૂપ દુઃખરૂપ છે તે વિષેનો સંવાદ તૈયાર કરી તે ભજવો.
૩. આ પ્રકરણમાં આવતા કાવ્યોનું સમૂહગાન કરો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. સંસારનું સ્વરૂપ અશરણ સ્વરૂપ હોવાથી તે દુઃખરૂપ છે તે દર્શાવતી અનાથી મુનિની કથા વિદ્યાર્થીઓને કહો.